NATIONAL STUDENTS' UNION OF INDIA

National Secretariat: 5, Raisina Road, New Delhi-110001, Tel. : 011-23358686

Smt. Sonia Gandhi, Chairperson, Central Advisory Committee, Neeraj Kundan, National President NSUI

**BHAVIK SOLANKI**
**National Coordinator**

# પ્રેસનોટ

તા. ૧૩-૦૫-૨૦૨૨

## ગુરૂ ની ગરિમા ને તાર- તાર કરનાર ABVP નાં નેતાઓ સામે શિક્ષણ વિભાગ ખુદ ફરિયાદી બને - NSUI

અમદાવાદમાં ABVPના વિદ્યાર્થી નેતાઓની વારંવાર દાદાગીરીના કિસ્સાઓ સામે આવી રહ્યા છે. સાલ કોલેજમાં બનેલા કિસ્સાએ ગુરુ અને શિષ્ય વચ્ચેના સંબંધો પર લાંછન લગાડ્યું છે. કોલેજમાં વિદ્યાર્થિનીની હાજરી મુદ્દે રજૂઆત કરવા ગયેલા ABVPના કાર્યકરોએ મહિલા આચાર્યા સાથે બોલાચાલી કરી હતી. તેમને વિદ્યાર્થિનીના પગે પડવા મજબૂર પણ કર્યાં. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં જબરદસ્ત વાઇરલ થઈ રહ્યો છે.

સાલ એન્જિનિયરિંગ કોલેજમાં બીજા વર્ષમાં અભ્યાસ કરતી એક વિદ્યાર્થિનીની હાજરી પૂરતી નહીં હોવાથી કોલેજનાં આચાર્યા એ વિદ્યાર્થિનીના વાલીને જાણ કરી હતી અને કોલેજમાં મળવા આવવા જણાવ્યું હતું, જેથી આ બાબતે વિદ્યાર્થિનીએ ABVPના આગેવાનોને જાણ કરતા ABVPના આગેવાનોએ દાદાગીરીથી મહિલા આચાર્ય ને વિદ્યાર્થિનીના પગે પડવા મજબૂર કર્યાં હતાં. ABVP નાં નેતાઓની દાદાગીરીની વારંવાર બનાવો સામે આવ્યાં છતાં સરકારના આશીર્વાદથી ઘટનાઓમાં સંડોવાયેલા ને બચાવવા માં આવે તે કેટલાં અંશે વ્યાજબી?

NSUI ના રાષ્ટ્રીય સંયોજક ભાવિક સોલંકી એ જણાવ્યું હતું કે ABVP દ્વારા દાદાગીરીના અનેક કિસ્સા સામે આવ્યા છે, જેમાં GLS કોલેજમાં રેગિંગની ઘટના બની હતી. ABVP પોતાનું વર્ચસ્વ જમાવવા આ પ્રકારે દાદાગીરી કરી રહ્યું છે. આ પ્રકારની ઘટના બદલ પોલીસ ફરિયાદ થવી જોઈએ. NSUI આ મામલે ઉગ્ર વિરોધ પણ કરશે.

BRSolanki

ભાવિક સોલંકી
રાષ્ટ્રીય સંયોજક, NSUI.